# : પરિપત્ર :

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના યુનિટ/સબ યુનિટના અધિકારીશ્રીઓને જણાવવાનું કે, આ સાથે સામેલ પત્રકની વિગતેની કચેરીઓને હાલના બજાર ભાવો ધ્યાને લેતાં રોજબરોજના આકસ્મિક ખર્ચને પહોંચી વળવા માટે તેમજ પેટ્રોલ ડીઝલ અને અન્ય ચીજ વસ્તુના ભાવ વધારાને કારણે કાયમી પેશગી નીચેની શરતોને આધિન રીવાઈઝડ કરી આપવામાં આવે છે.

**શરતો :**

(૧) ₹ ૨૫૦૦/– સુધીનો ખર્ચ થાય એટલે રીક્રુપ માટે વહીવટી–વ–હિસાબી અધિકારીને બીલ મોકલી આપી એ રકમ રીક્રુપ કરી લેવાની રહેશે.

(૨) જે તે દિવસે કરેલ ખર્ચ, તે જ દિવસે કેશબુકમાં ઉધારીને આધાર તરીકે પ્રમાણિત કરેલા બીલો બીલ સાથે રાખવાના રહેશે.

(૩) થયેલ ખર્ચની નોંધ મંજુરી રજીસ્ટર, જે તે માલસામાન ખરીદ રજીસ્ટર તથા લાગુ પડતા રજીસ્ટરોમાં તે જ દિવસે કરી લેવાની રહેશે.

(૪) કાયમી પેશગીનું ખર્ચ બજેટ સદર ૧૯૫૦૦ હેઠળ પાડવાનું રહેશે.

(૫) કાયમી પેશગી ઉપાડયા બાદ ઉપાડેલ રકમ તથા તેનો વાઉચર નંબર અને તારીખ આ હુકમ બહાર પાડયા તારીખથી ૧૦ દિવસમાં આ કચેરીને જે તે ઉપાડ અને ચુકવણાં અધિકારીએ અચૂક જણાવવા.

(૬) જયારે ઉપાડ અને ચુકવણાં અધિકારીનો હોદદો બદલાય ત્યારે તેની જાણ તુરત જ આ હુકમનો સંદર્ભ આપી આ કચેરીને કરવાની રહેશે.

(૭) એકજ સ્થળ ઉપરની / બીજા સ્થળો ઉપરની કચેરીઓ / યોજનાઓનું એકત્રીકરણ થતાં અથવા એક ઉપાડ અને ચુકવણા અધિકારીના તાબાની યોજનાઓ બીજા ઉપાડ અને ચુકવણા અધિકારીના તાબામાં ભળી જાય (મર્જ) થઈ જાય તેના પરિણામે ભળી જનાર કચેરી ( ઉપાડ અને ચુકવણા અધિકારી ) ની કાયમી પેશગી બારોબાર ભેળવી ન દેતાં આ કચેરીની પરવાનગી લઈને જ ભેળવવી, તેમ છતાં એકલદોકલ યોજના તબદીલ થાય તો આવા પ્રશ્નોને અવકાશ નથી.

(૮) મુંબઈ આકસ્મિક ખર્ચના નિયમોના નિયમ ૫૬ માંની સઘળી જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૯) દર વર્ષે માર્ચ માસની ૩૧મી તારીખના રોજ કાયમી પેશગીની સિલક અંગે કાયમી પેશગીનો હવાલો ધરાવનાર અધિકારીએ ગુ.કુ.યુ ના પરિપત્ર નં.ગુકુયુ/મુહિમ/કંટ્રોલ/૫૮૧૫–૬૦,તા.૯/૪/૧૯૮૦ માં જણાવ્યા મુજબ પહોંચ મોકલી આપવાની રહેશે.

(૧૦) કાયમી પેશગીનો હવાલો ધરાવનાર અધિકારી કાયમી પેશગીમાંથી નિયમોનુસાર ખર્ચ કરવા,ખર્ચેલ રકમ સમયસર રીક્રુપ કરવા, નિયમોનુસાર વ્યવસ્થિત હિસાબો રાખવા અને પેશગીની રકમની સલામત જાળવણી માટે અંગત રીતે જવાબદાર રહેશે.

(૧૧) આ પેશગી મંજુર થયાની યથાર્થતા અંગે આ હુકમના માસના તુરત પાછળના માસથી ૧૨ માસ પૂરા થયેથી સમીક્ષા કરવાની રહેશે.પુનઃસમીક્ષા માટે કાયમી પેશગીનો હવાલો ધરાવતાં દરેક અધિકારીએ ૧૨ માસના સમયગાળામાં કાયમી પેશગીમાંથી કરેલ ખર્ચની જુદીજુદી બાબતોવાર અને માસવાર માહિતી મોકલીને પુનઃસમીક્ષા કરાવીને જરૂરી આદેશો મેળવી લેવાના રહેશે.જો આવી પુનઃ ચકાસણી કરાવવામાં આવી નહિ હોય અને જરૂરિયાત કરતાં વધુ કાયમી પેશગી ધરાવવા અંગે કોઈ પ્રશ્ન ઉભો થશે તો તે અંગે જેતે ઉપાડ અને ચુકવણાં અધિકારી/કચેરીના વડા જવાબદાર રહેશે.

(૧૨) આ પેશગીનો ઉપાડ, વપરાશ રીકુપમેન્ટ વિગેરે બાબતમાં જરૂર જણાયે જરૂરી સમજ હિસાબી અધિકારી–વ–હિસાબ નિયાનકની કચેરી પાસેથી મેળવી લેવી.

(૧૩) આ હુકમ ચાલુ નાણાંકીય વર્ષ પુરતો મર્યાદિત રહેશે. વર્ષના આખર સુધી રકમ ઉપાડવામાં નહિ આવે તો હુકમ આપો આપ રદ થયેલો ગણાશે

(૧૪) P.A રીક્રુપમેન્ટ રજીસ્ટરમાં દર નવા નાણાંકીય વર્ષમાં નવા રજીસ્ટરના પ્રથમ પાના ઉપર " લાલ અક્ષરે મંજુરી હુકમ નંબર તારીખ અને મંજુર કરેલ રકમ " ની નોંધ કરવાની રહેશે.

સદરહુ પરિપત્ર માન.કુલપતિશ્રીની મંજુરી મેળવી બહાર પાડવામાં આવે છે.

જા.ન. ન.કૃ.યુ. / કોમ્પ્ટ / કંટ્રોલ / ૨૨૨૫૮-૩૪૩ / ૨૦૧૩.
તા. ૧૬/ ૧૨ /૨૦૧૩.

**હિસાબીઅધિકારી–વ–હિસાબ નિયામક**

હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામકશ્રીની કચેરી
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

**નકલ સવિનય રવાનાઃ–**

(૧) સંશોધન નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી.
(૨) તમામ યુનિવર્સિટી ઓફિસર્સ તરફ.
(૩) કુલચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી.
(૪) યુનિટ/સબ યુનિટ તરફ.

**નકલ રવાના :**

(૧) વહીવટી–વ–હિસાબી અધિકારી, નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી.
(૨) હિસાબી અધિકારી,અઠવા ફાર્મ,ઘોડદોડ રોડ, નવસારી કૃષિ યુનિવર્સિટી,સુરત
(૩) પરિપત્રની ફાઈલે.

## નવસારી સેન્ટરની કચેરીઓ

| અ.નં | કચેરી કોડ નંબર | કચેરીનું નામ | અગાઉ મંજુર કરેલ કાયમી પેશગી | કચેરી તરફથી આવેલ રજુઆત | રીવાઈઝડ કરેલ કાયમી પેશગી |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| ૧ | ૩૦૩ | આચાર્યશ્રી, એન.એમ.કોલેજ નવસારી | રૂા.૨,૫૦૦/- | ₹.૧૦,૦૦૦/- | ₹.૧૦,૦૦૦/- |
| ૨ | ૩૨૯ | આચાર્યશ્રી,અસ્પી બાગાયત,નવસારી. | રૂા.૧,૦૦૦/- | ₹.૧૫,૦૦૦/- | ₹.૧૦,૦૦૦/- |
| ૩ | ૩૪૩ | આચાર્યશ્રી,વેટરનરી કોલેજ, નવસારી | રૂા.૭,૦૦૦/- | ₹.૧૫,૦૦૦/- | ₹.૧૦,૦૦૦/- |
| ૪ | ૩૪૧ | આચાર્યશ્રી, એબીએમ કોલેજ | રૂા.૨,૦૦૦/- | ₹. ૧૫,૦૦૦/- | ₹.૧૦,૦૦૦/- |
| ૫ | ૩૦૨ | વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી | રૂા.૨,૦૦૦/- | ₹.૧૫,૦૦૦/- | ₹.૧૦,૦૦૦/- |
| ૬ | ૩૩૨ | સંશોધન નિયામકશ્રી નવસારી | રૂા.૩,૦૦૦/- | ₹.૧૦,૦૦૦/- | ₹.૧૦,૦૦૦/- |
| ૭ | ૩૩૧ | સંશોધન વૈજ્ઞાનિક એલપીએમ, નવસારી | રૂા.૧,૦૦૦/- | ₹.૨૫,૦૦૦/- | ₹.૫,૦૦૦/- |
| ૮ | ૩૩૬ | કોલેજ ફાર્મ, નવસારી | રૂા.૨૫૦/- | ₹.૧૫,૦૦૦/- | ₹.૫,૦૦૦/- |
| ૯ | ૩૦૧ | હિસાબી અધિકારી (કેશ),નવસારી. | રૂા.૧૦,૦૦૦/- | ₹.૧૦,૦૦૦/- | ₹.૧૦,૦૦૦/- |
| ૧૦ | ૩૩૫ | કાર્યપાલક ઈજનેર | નીલ | ₹.૧૫,૦૦૦/- | ₹.૧૦,૦૦૦/- |
| ૧૧ | ૩૦૭ | સંશોધન વૈજ્ઞાનિક(શેરડી) | નીલ | ₹.૧૦,૦૦૦/- | ₹.૫,૦૦૦/- |
| ૧૨ | ૩૧૦ | સંશોધન વૈજ્ઞાનિક(જમીન વિજ્ઞાન) | નીલ | ₹.૧૦,૦૦૦/- | ₹.૫,૦૦૦/- |
| ૧૩ | ૩૧૧ | સંશોધન વૈજ્ઞાનિક(જળ અને જમીન) | નીલ | નીલ | નીલ |
| ૧૪ | ૩૨૭ | લાયબ્રેરી વિભાગ | નીલ | નીલ | નીલ |
| ૧૫ | ૩૨૮ | કઠોળ વિભાગ | નીલ | નીલ | નીલ |
| ૧૬ | ૩૩૪ | અર્થશાસ્ત્ર વિભાગ | નીલ | નીલ | નીલ |
| ૧૭ | ૩૪૫ | કે.વિ.કે.નવસારી. | નીલ | ₹.૫૦,૦૦૦/- | ₹.૫,૦૦૦/- |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામક
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી.

# બહારના સેન્ટરોનું લીસ્ટ

| અ.નં | કચેરી કોડ નંબર | કચેરીનું નામ | અગાઉ મંજુર કરેલ કાયમી પેશગી | કચેરી તરફથી આવેલ રજુઆત | રીવાઈઝડ કરેલ કાયમી પેશગી |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| ૧ | ૩૩૭ | એગ્રી કોલેજ, ભરૂચ | રૂ.૭૦૦૦/– | રૂ.૭૦૦૦/– | રૂ.૭૦૦૦/– |
| ૨ | ૩૧૬ | એન.એ.આર.પી.ભરૂચ | નીલ | રૂ.૭૦૦૦/– | રૂ.૫૦૦૦/– |
| ૩ | | કૃષિશાળા,ભરૂચ | નીલ | રૂ.૭૦૦૦/– | રૂ.૫૦૦૦/– |
| ૪ | ૩૧૭ | કપાસ સં.કેન્દ્ર, ભરૂચ | નીલ | રૂ.૧૦,૦૦૦/– | રૂ.૫,૦૦૦/– |
| ૫ | ૩૧૯ | કપાસ સં.કેન્દ્ર, અછાલીયા | નીલ | નીલ | નીલ |
| ૬ | | એન.એ.આર.પી. અછાલીયા | નીલ | નીલ | નીલ |
| ૭ | ૩૨૩ | મ.સંશો.વૈજ્ઞા.બારડોલી | નીલ | નીલ | નીલ |
| ૮ | ૩૧૮ | મ.સંશો.વૈજ્ઞા.તણછા | નીલ | નીલ | નીલ |
| ૯ | ૩૩૩ | નાઈઝર સં.કેન્દ્ર,વણારસી | નીલ | નીલ | નીલ |
| ૧૦ | ૩૨૪ | સહ.સં.વૈજ્ઞા.ગણદેવી | નીલ | નીલ | નીલ |
| ૧૧ | ૩૨૦ | મ.સં.વૈ. કપાસ સુકારા સં.કે, હાંસોટ | | નીલ | નીલ |
| ૧૨ | ૩૩૯ | બાયોટેક કોલેજ,સુરત | નીલ | ₹.૨,૫૦૦/– | ₹.૨,૫૦૦/– |
| ૧૩ | ૩૧૩ | હિ.અધિ (કેશ), સુરત | રૂ.૨૦૦૦/– | ₹.૨,૫૦૦/– | ₹.૨,૫૦૦/– |
| ૧૪ | ૩૧૨ | કે.વિ.કે, સુરત | નીલ | ₹.૨,૫૦૦/– | ₹.૨,૫૦૦/– |
| ૧૫ | ૩૧૪ | જુવાર સં.કેન્દ્ર, સુરત | નીલ | ₹.૨,૫૦૦/– | ₹.૨,૫૦૦/– |
| ૧૬ | | કૃષિશાળા,વઘઈ | નીલ | | |
| ૧૭ | ૩૩૮ | એગ્રી કોલેજ,વઘઈ | રૂ.૭૦૦૦/– | ₹.૧૫,૦૦૦/– | ₹.૧૦,૦૦૦/– |
| ૧૮ | ૩૨૬ | સં.વૈ.હલકા ધાન્ય,વઘઈ | રૂ.૧૫૦૦/– | રૂ.૧૫,૦૦૦/– | રૂ.૫,૦૦૦/– |
| ૧૯ | ૩૪૬ | કે.વિ.કે.વઘઈ | નીલ | રૂ.૧૫,૦૦૦/– | રૂ.૫,૦૦૦/– |
| ૨૦ | ૩૨૫ | સંશો.વૈજ્ઞા. પરીયા | રૂ.૩૦૦૦/– | રૂ.૧૦,૦૦૦/– | રૂ.૫,૦૦૦/– |
| ૨૧ | ૩૪૪ | એગ્રી કોલેજ, ડેડીયાપાડા | રૂ.૭૦૦૦/– | રૂ.૧૫,૦૦૦/– | રૂ.૧૦,૦૦૦/– |
| ૨૨ | ૩૪૨ | કે.વિ.કે. ડેડીયાપાડા | નીલ | નીલ | નીલ |
| ૨૩ | ૩૨૧ | ચોખા સં.કેન્દ્ર, વ્યારા | નીલ | નીલ | નીલ |
| ૨૪ | ૩૨૨ | કૃષિશાળા, વ્યારા | નીલ | નીલ | નીલ |
| ૨૫ | ૩૪૦ | કે.વિ.કે.વ્યારા | નીલ | નીલ | નીલ |

હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામક
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી.